# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, ત્રણ નવા ફોજદારી કાયદા ટેકનોલોજી, સમયબદ્ધતા અને વિશ્વાસ એમ ત્રણ મહત્વપૂર્ણ સ્તંભો પર આધારિત.
2. સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનનો આજથી આરંભ – 17 ઓગસ્ટ સુધી અનેક કાર્યક્રમો યોજાશે.
3. ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આજે ભારત છોડો ચળવળમાં ભાગ લેનારા તમામ  સ્વતંત્રતા સેનાનીઓ શ્રદ્ધાંજલિ આપી.
4. NIA એ મલપ્પુરમમાં ગેરકાયદેસર વિસ્ફોટકોના કન્સાઇનમેન્ટના કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરી.
5. ભારતીય બેડમિન્ટન ખેલાડી અશ્મિતા ચાલિહાએ વિક્ટર કોરિયા માસ્ટર્સ 2026માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો.

------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY AMIT SHAH PUDUCHERRY

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર દ્વારા રજૂ કરાયેલા ત્રણ નવા ફોજદારી કાયદા ટેકનોલોજી, સમયબદ્ધતા અને વિશ્વાસ એમ ત્રણ મહત્વપૂર્ણ સ્તંભો પર આધારિત છે.

## બાઇટ – AMIT SHAH NEW LAW

ગૃહમંત્રીએ ગોરીમેડુમાં પોલીસ તાલીમ શાળાના મેદાનમાં પુડુચેરી પોલીસને રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ અર્પણ કરવાના સમારોહમાં આ વાત કહી હતી. તેઓ પુડુચેરીમાં મુરુગા થિયેટર સિગ્નલથી "હર ઘર તિરંગા યાત્રા" ને લીલી ઝંડી આપશે. શ્રી શાહે પુડુચેરી પોલીસને રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## બાઇટ – AMIT SHAH PUDUCHERRY POLICE

પુડુચેરી દેશનું 18મું રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું છે, જેને પોલીસ દળને આપવામાં આવતા આ સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યું છે.

# HAR GHAR TIRANGA

હર ઘર તિરંગા અભિયાનનો આજથી સમગ્ર દેશમાં આરંભ થયો છે, જે આ મહિનાની 17મી તારીખ સુધી ચાલુ રહેશે. આ અભિયાનનો હેતુ લોકોને તેમના ઘરે ત્રિરંગો ફરકાવવા સહિત  દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતા સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

## મ્યુઝિક – HAR-GHAR-TIRANGA-ANTHEM

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં, 'હર ઘર તિરંગા અભિયાન 2026' હેઠળ તમામ 20 જિલ્લાઓમાં આજથી 17 ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન, વંદે માતરમનું સામૂહિક ગાન, તિરંગા રેલીઓ, પ્રદર્શનો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાશે.

મધ્યપ્રદેશમાં "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત  તિરંગા યાત્રા, પ્રદર્શનો અને સાયકલ રેલી જેવા કાર્યક્રમો યોજાશે. સરકારે જનતાને ઉત્સાહ અને દેશભક્તિની ભાવના સાથે આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે.

# VP - QUIT INDIA MOVEMENT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને ભારત છોડો ચળવળમાં ભાગ લેનારા સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે મહાત્મા ગાંધીના કરો યા મરવાના આહ્વાનથી પ્રેરિત થઈ આ લડવૈયાઓએ દેશવાસીઓને સ્વતંત્રતા સંગ્રામમાં એક કર્યા. તેમણે કહ્યું કે સ્વતંત્રતા સેનાનીઓની હિંમત, બલિદાન અને દેશભક્તિ હંમેશા આવનારી પેઢીઓને પ્રેરણા આપશે.

# PM-QUIT INDIA MOVEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારત છોડો ચળવળમાં ભાગ લેનારા તમામ સ્વતંત્રતા સેનાનીઓ અને આંદોલનકારીઓને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે આ નાયકોની હિંમત હંમેશા દરેક ભારતીય માટે પ્રેરણાનો સ્ત્રોત રહેશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે મહાત્મા ગાંધીના નેતૃત્વ પ્રેરિત ભારત છોડો આહ્વાનથી દેશના સ્વતંત્રતા સંગ્રામમાં નવી ઊર્જા આવી હતી. તેમણે કહ્યું કે આ ચળવળ ભારતીય લોકોના ગુલામીથી મુક્તિ મેળવવાના અટલ સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.

# PUNJAB-GRAIN STOCK

કેન્દ્ર સરકારે 20 સપ્ટેમ્બર સુધીમાં પંજાબના અનાજ બજારોમાં ઉપલબ્ધ 18 લાખ મેટ્રિક ટન જૂના અનાજના ભંડારને ઉપાડવા માટે સંમતિ આપી છે, જેનાથી રાજ્યમાં ચોખાના બમ્પર પાકની અપેક્ષાએ સંગ્રહ જગ્યા ખાલી થશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે પંજાબ આ વર્ષે કેન્દ્રીય ભંડારમાં 170 લાખ મેટ્રિક ટન ઉચ્ચ ગુણવત્તાવાળા ચોખા પૂરા પાડવાની અપેક્ષા રાખે છે.

# PUNJAB-ACCIDENT

પંજાબના સરહિંદ જીટી રોડ પર આજે વહેલી સવારે એક કારે ટક્કર મારતા ત્રણ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આ શ્રદ્ધાળુઓ ઉત્તરાખંડના ગંગોત્રીથી પવિત્ર જળ લઈને પંજાબના ફરીદકોટ જિલ્લાના કોટકપુરા પરત ફરી રહ્યા હતા. પોલીસે કેસ નોંધી ભાગી ગયેલા ડ્રાઇવરની શોધ આદરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NIA- KERALAM

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIAએ કેરળના મલપ્પુરમમાં ગેરકાયદેસર વિસ્ફોટકોના મોટા જથ્થાના કન્સાઇનમેન્ટના કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરી છે. એજન્સીના જણાવ્યા અનુસાર આરોપીની ગઈકાલે મલપ્પુરમ જિલ્લાના મંજેરીથી ધરપકડ કરવામાં આવી હતી. NIAએ જણાવ્યું હતું કે આરોપી આ કેસનો મુખ્ય કાવતરું ઘડનાર છે અને જપ્ત કરાયેલા વિસ્ફોટકોના ગેરકાયદેસર ખરીદીમાં સામેલ હતો.

NIA એ શુક્રવારે કર્ણાટકના વિજયપુરાથી વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કર્યાના એક દિવસ બાદ આ ધરપકડ કરવામાં આવી છે. આ સાથે આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની કુલ સંખ્યા દસ પર પહોંચી ગઈ છે.

આ કેસ મલપ્પુરમના ચેમ્મડ-થલપ્પરા રોડ પર સ્થિત કંપની ફરહા હોલો બ્રિક્સના પરિસરમાં પાર્ક કરેલી લારીમાંથી જપ્ત કરાયેલા 89 હજાર 600 વિસ્ફોટક સળિયા અને 10 હજાર 500 શોક ટ્યુબ સાથે સંબંધિત છે.

# J&K-NEW RAILWAY LINE

જમ્મુ અને કાશ્મીરમાં રેલવે કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે અનેક મોટા રેલ્વે પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. જમ્મુ-રિયાસીથી પૂંછને જોડતી નવી રેલવે લાઇન સહિત મુખ્ય પ્રોજેક્ટ્સ માટે અંતિમ સ્થળ સર્વેક્ષણને મંજૂરી આપવામાં આવી છે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાના જણાવ્યા અનુસાર 190 કિલોમીટર લાંબી જમ્મુ-રિયાસી-પૂંછ રેલવે લાઇન માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે ફિલ્ડ સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. જમ્મુ અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરા વચ્ચે વધારાની 78 કિલોમીટર રેલવે  લાઇન માટે સર્વેક્ષણને પણ મંજૂરી આપવામાં આવી છે.

દરમિયાન જલંધર કેન્ટ અને જમ્મુ તાવી વચ્ચે 216 કિલોમીટર લાંબી ત્રીજી રેલવે લાઇન માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. વધુમાં સાંબા જિલ્લામાં ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ કાર્યરત થઈ ગયું છે. કઠુઆ, અનંતનાગ અને જમ્મુમાં સમાન કાર્ગો ટર્મિનલ માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

# WORLD ATHLETICS U-20 CHAMPIONSHIPS

અમેરિકામાં ચાલી રહેલી વિશ્વ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપમાં ભારતનો મેડલ નંબર ત્રણ થયો છે.

પુરુષોની હાઈ જમ્પમાં 19 વર્ષીય બસંત કુમાર મેઘવાલે 2.21 મીટરના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન સાથે રજત ચંદ્રક જીત્યો. તે વર્લ્ડ અંડર-20 ચેમ્પિયનશિપમાં હાઈ જમ્પમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો.

પુરુષોની લાંબી જમ્પમાં શાહનવાઝે 7.84 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો. ઇટાલીના ડેનિયલ ઈન્ઝોલીએ 7.97 મીટરના કૂદકા સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો, અગાઉ, આશિષ યાદવે ભાલા ફેંકમાં 74.09 મીટરનો શ્રેષ્ઠ પ્રદર્શન સાથે રજત ચંદ્રક જીત્યો હતો, જે નીરજ ચોપરા પછી વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપ જીતનાર બીજો ભારતીય બન્યો હતો.

# DAY BADMINTON - KOREA MASTERS

ભારતીય બેડમિન્ટન ખેલાડી અશ્મિતા ચાલિહાએ વિક્ટર કોરિયા માસ્ટર્સ 2026 માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો છે.

આજે રમાયેલી ફાઇનલમાં અશ્મિતાએ ચીનની હાન ચિએન શીને 14-21, 21-14, 21-14 થી પરાજય આપ્યો. અશ્મિતાનું આ પહેલું BWF ટાઇટલ છે.

આ પહેલા અશ્મિતા ગઈકાલે સેમિફાઇનલમાં ભારતની જ રક્ષિતા રામરાજને 21-13, 16-21, 21-13 થી હરાવીને ફાઇનલમાં પહોંચી હતી. અશ્મિતાએ અગાઉ 2024 એશિયન ટીમ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક અને 2019 સાઉથ એશિયન ગેમ્સમાં મહિલા સિંગલ્સ અને ટીમ ઇવેન્ટ બંનેમાં સુવર્ણ ચંદ્રક જીત્યા હતા.